# 6

## સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવવા બાબત

*15/4/2317 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોને સરકાર દ્વારા અપાતી સહાયના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવી છે તે હકીકત સાચી છે, | (૧) હા સાચી છે. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોએ કેટલી રકમ મેળવી હોવાનું સામે આવ્યું, | (૨) ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં આવા કિસ્સાની વિગત નીચે મુજબ છે: |

| ક્રમ | જિલ્લો | ઇસમોની સંખ્યા | ચૂકવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૩૨ | ૧૬,૦૦,૦૦૦ |
| ૨ | સાબરકાંઠા | ૪ | ૨,૦૦,૦૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમો પાસેથી કેટલી મૂળ રકમ અને કેટલી વ્યાજની રકમ પરત વસુલવામાં આવી,<br>(૪) ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમો પાસેથી કેટલી મૂળ રકમ અને કેટલી વ્યાજની રકમ વસૂલવાની બાકી છે, અને<br>(૫) ઉક્ત સ્થિતિએ બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા? | (૩) (૪) અને (૫) ગાંધીનગર જિલ્લામાં ૩૨ ઇસમો વિરુધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. તેમજ નામ.કોર્ટમાં કેસ ચાલુ હોઈ રકમ વસુલ લેવામાં આવેલ નથી. સાબરકાંઠા જિલ્લામાં ૪ ઇસમો વિરુધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ હોઈ રકમ વસુલ લેવામા આવેલ નથી. |

----------